# ઘા – જખમ



- વાગેલા ઘા પર હળદર દબાવી દેવાથી ઘામાંથી નીકળતું લોહી બંધ થાય છે ને ઘા પાકતો નથી.
- હળદરને તેલમાં કકડાવીને તે તેલ ઘા - જખમ પર ચોપડવાથી ન રુઝાતા ઘા જલદી રુઝાઈ જાય છે.
- તલ પીસી તેમાં ઘી અને મધ મેળવી ઘા પર ચોપડી પાટો બાંધવાથી ઘા જલદી રુઝાઈ જાય છે.
- ફૂલાવેલી ફટકડીનો પાઉડર ઘા પર નાખી પાટો બાંધવાથી ઘામાંથી નીકળતું લોહી બંધ થાય છે. અને ઘા પાકતો નથી.
- તુલસીના પાન પીસીને ઘા પર બાંધવાથી ઘા જલદી રુઝાઈ જાય છે.
- લોહી નીકળતા ઘા પર પાનમાં ખાવાનો ચૂનો જાડો ચોપડી તેના પર તલનું પોતું મૂકી પાટો બાંધવાથી ઘા જલદી રુઝાઈ જાય છે.
- હિંગ અને લીમડાના પાન વાટી તેનો લેપ કરવાથી ઘા-જખમમાં પડેલા કીડા મરી જાય છે અને ઘા રુઝાઈ જાય છે.
- રાઈના લોટને ઘી - મધમાં મેળવી તેનો લેપ કરવાથી ઘા-જખમમાં પડેલા કીડા મરી જાય છે અને ઘા રુઝાઈ જાય છે.
- ગાજરને કચરી કોઈપણ લોટમાં મેળવીને ફોલ્લા તથા બળતરાવાળા ઘા પર બાંધવાથી ઘા રુઝાઈ જાય છે.
- તાજા ઘા ઉપર જેઠીમધમાં મધ મેળવી કાલવીને ભરી દેવાથી જલદી રૂઝ આવે છે.
- લાગેલા ઘા, વાઢ કે કાપ ઉપર તાજો પેશાબ લગાડવાથી જલદી રૂઝ આવે અને પાકતો નથી.
- ઘામાંથી લોહી નીકળતું હોય તો સરકો લગાડવાથી લોહી નીકળતું બંધ થાય છે.
- ઘા કે જખમમાંથી લોહી નીકળતું હોય તો તેના પર મીઠાના પાણીમાં ભીંજવેલો પાટો બાંધવાથી જખમ પાકતો નથી અને રૂઝ આવે છે.
- તલના તેલનું પોતું મૂકી પાટો બાંધવાથી જખમ જલદી રુઝાઈ જાય છે.
- કળીચૂનો ચોપડી તેલનું પોતું મૂકી પાટો બાંધવાથી ઘા જલદી રુઝાઈ જાય છે.
- ઘા પર નાખ રંગવાનું પ્રવાહી આવે છે તે ચોપડવાથી ઘા જલદી રુઝાઈ જાય છે.
- મગના પાનનો રસ ચોપડવાથી ઘામાંથી નીકળતું લોહી બંધ થાય છે.
- ઘા પર ચાની ભૂકી મૂકવાથી ઘામાંથી નીકળતું લોહી બંધ થાય છે.

- ઘા પર રૂ બળીને મુકવાથી ઘામાંથી નીકળતું લોહી બંધ થાય છે.
- ઘા પર ગરમ કપડું બાળીને બનાવેલી ભસ્મ ભભરાવવાથી ઘામાંથી નીકળતું લોહી બંધ થાય છે.
- ઘા પર ટીંચર આયોડીનનું પોતું મૂકવાથી ઘામાંથી નીકળતું લોહી બંધ થાય છે.